# ડીસા એપીએમસી દ્વારા ૭૩ કરોડ ઉપરાંતનો એરંડાનો જથ્થો સીઝ કરાયો

## માર્કેટ ફી ભર્યા અંગે વિગતો પુરી ન પાડતા ડીસા માર્કેટયાર્ડ દ્વારા કરાયેલી કાર્યવાહી : ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા ગોડાઉન સીલ

ડીસા, તા. ૩૦

ડીસા-પાલનપુર હાઈવે પર રસાણા-મોટા ગામ પાસે આવેલ ગોડાઉનોમાં સંગ્રહીત કરાયેલા એરંડાના જંગી જથ્થા બાબતે ડીસા માર્કેટયાર્ડ દ્વારા માર્કેટ ફી ભરાયા સંબંધેની વિગતો પુરી પાડવા માટે અનેક નોટીસો મોકલવા છતાં માર્કેટ ફી ભરવા કે પુરાવા રજુ ન કરાતાં શુક્રવારે મોડી સાંજે ડીસા એપીએમસીના ચેરમેન માવજીભાઈ દેસાઈની સુચના અને માર્ગદર્શનથી એપીએમસીની ટીમ દ્વારા કુલ રૂ. ૭૩ કરોડ ઉપરાંતના ૨,૪૬,૯૯૨ બોરી એરંડાનો જથ્થો ભરેલા ૪ ગોડાઉન સીલ કરવામાં આવ્યા હતા. જેથી કોમોડીટી બજારોમાં હલચલ મચી જવા પામી છે.

ઉત્તર ગુજરાતના મોખરાની ગણાતી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા દ્વારા એપીએમસીના બજાર વિસ્તારમાં નિયંત્રિત જણસીના વેપાર બાબતે એપીએમસીના નિયમ મુજબ માર્કેટ ફી વસુલવામાં આવે છે. જેમાં ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા એપીએમસીની આવકમાં વધારો થાય અને માર્કેટ ફી ની થતી ચોરીઓમાં નિયંત્રણ આવે તે હેતુથી એકમાત્ર ડીસામાં વિજીલન્સ સ્કવોર્ડની ટીમ બનાવાઈ છે. જેમાં ડીસા-પાલનપુર હાઈવે પર આવેલા રસાણા-મોટા ગામે રૂષિ કોમોડીટીના વેર હાઉસના ચાર ગોડાઉનોમાં અમદાવાદના એડલવાઈઝર ઈન્ટેગેટેડ કોમોડીટી મેનેજમેન્ટ લી. કંપની દ્વારા રૂ. ૨,૪૬,૯૯૨ બોરી એરંડાનો જથ્થો સંગ્રહીત કરવામાં આવ્યો છે. જેની બજાર કિંમત રૂ. ૭૩,૧૦,૯૬, ૩૨૦ થવા જાય છે.



આમ, આ સંગ્રહીત જથ્થાની કંપની દ્વારા માર્કેટ ફી ભરવામાં આવી ન હોવાનું ધ્યાને આવતા ડીસા એપીએમસી દ્વારા કંપનીને વારંવાર નોટીસો આપવામાં આવી હતી. જો કે કંપની દ્વારા નોટીસનો કોઈ જવાબ કે માર્કેટ ફી ભરી હોવાના પુરાવા રજૂ ન કરતાં ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા કાર્યવાહીનો આદેશ કરાતા શુક્રવારે ડીસા એપીએમસીના આસીસ્ટન્ટ સેક્રેટરી એ.એન. જોષી, ઈન્સ્પેક્ટર ડી.એચ. ત્રિવેદી સહિતની ટીમે રસાણા-મોટા ગામે ગોડાઉન પર રેડ કરી કંપનીના ચાર ગોડાઉન સીલ કર્યા હતા.



## બનાસડેરીના સંકુલના ગોડાઉનમાં આગ લાગતા અફરાતફરી

બનાસકાંઠાની જીવાદોરી સમાન બનાસડેરીમાં સવારે એકાએક આગ લાગતા સમગ્ર ડેરીના પરિસરમાં અફરાતફરી ભર્યો માહોલ સર્જાયો હતો. બનાસડેરીના વેસ્ટેજ માલ સમાનના ગોડાઉનમાં સવારે આગ લાગતા સ્થાનિક કર્મચારી દ્વારા પાલનપુર પાલિકા તેમજ ડેરીના અધિકારીઓને જાણ કરાતા તાત્કાલિક ધોરણે પાલિકાના ૨ ફાયર ફાયટર દ્વારા આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરાયો હતો. જો કે બનાસડેરીનો સમગ્ર સ્ટાફ આગ બુઝાવવા કામે લાગતા આગ પર પાલીકાના સહયોગથી કાબુ મેળવ્યો હતો. જેમાં કોઈ જાનહાની થવા પામી નથી. તેમજ આગને કાબુમાં લઈ મોટી જાનહાની ટળી હતી.

# મોડાસાના હજીરા નજીક કારે બાઈકને અડફેટે લેતા બાઈકસવારની હાલત ગંભીર

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના હજીરા નજીકથી પસાર થતી માઝુમ નદીના પુલ પર રવિવારે સાંજના હિંમતનગર તરફી આવતી સેન્ટ્રો કારે બાઈકને અડફેટે લેતા બાઈકચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. બાઈક પાછળ બેઠેલો અન્ય યુવાનના શરીરે ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડાયો હતો. કારચાલક બાઈકને ટક્કર મારી કાર ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા ટાઉન પોલીસે ફરાર કારચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



મોડાસા તાલુકાના સબલપુર ગામના બે યુવાનો કામકાજ અર્થે મોડાસા જઈ પરત ફરી રહ્યા હતા ત્યારે હિંમતનગર તરફથી આવતી સેન્ટ્રોકાર (નં. જીજે૧એચએલ ૩૭૪૭)ના ચાલક રમણભાઈ પુંજાભાઈ પટેલે (રહે. ખંભીસર, તા. મોડાસા) કાર પુરઝડપે ગફલતભરી રીતે હંકારી મોડાસા હજીરા નજીક પસાર થતી માઝુમ નદીના પુર પર ટક્કર મારતા સબલપુરના બાઈકચાલક પ્રવિણભાઈ કાળુસીંહ સોલંકી અને અન્ય બાઈક સવાર યુવાન સંજય રમણભાઈ સોલંકી નીચે રોડ પર પટકાઈ ગયા હતા. રોડ પર પટકાઈ જતા બાઈક ચાલક યુવાનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા અને બન્ને પગે ઈજાગ્રસ્ત બનતા હાલત ગંભીર જણાતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બાઈકચાલક યુવાન અને પાછળ બેઠેલા યુવાનને તાબડતોડ મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. બાઈક ચાલક યુવાનની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતની ઘટનાની જાણ થતા મોડાસા ટાઉન પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી અકસ્માતના પગલે ટ્રાફિકજામ થતા પૂર્વરત કરાયો હતો. મોડાસા ટાઉન પોલીસે જીગ્નેશકુમાર દશરથસિંહ સોલંકી (રહે. સબલપુર, તા. મોડાસા)ની ફરિયાદના પગલે અકસ્માત સર્જનાર કારચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# ધાનેરા નગરપાલિકાની ચાર બેઠક પર પેટા ચૂંટણી સંપન્ન




ધાનેરા, તા. ૩૦

બનાસકાંઠાની ધાનેરા નગરપાલિકાના ચાર સભ્યોની પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં મતદાન મથક પર ખુબજ ઓછા લોકો જોવા મળ્યા હતા. તેથી ધાનેરા રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો અને ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં શીલ થયું હતું.

બનાસકાંઠાની ધાનેરા નગરપાલિકામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી અને કોંગ્રેસ સાથે ગદ્દારી કરનાર ચાર સભ્યોને કોંગ્રેસ પક્ષ તરફથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જેના કારણે આજે ધાનેરા નગરપાલિકાની ચાર સીટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કેટલાક મતદાન મથક પર ખુબજ ઓછા લોકો જોવા મળ્યા હતા. તેથી ઉમેદવારોના જીવ તાળવે ચોટી ગયા હતા અને મતદાન મથકની બહાર લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ઓછુ મતદાન થતા ધાનેરામાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. અત્યારે તો આ પેટા ચૂંટણી સુખરૂપ સંપન્ન થઈ છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના આગેવાનો બડાસ મારીને કહી રહ્યા છે કે ચારેય ઉમેદવાર અમારા જીતશે પણ અત્યારે તો તમામ ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં શીલ થયું હતું પણ કોણ બાજી મારી જાય છે તે તો મત ગણતરી બાદ જ ખબર પડશે.

## બનાસડેરીની ચૂંટણીમાં પરથીભાઈ ભટોળનું ઉમેદવારી ફોર્મ માન્ય

પાલનપુર, તા. ૩૦

બનાસડેરીની ચૂંટણી ચાલુ થાય ત્યારે આક્ષેપો-પ્રતિઆક્ષેપો ચાલુ થઈ જાય છે. વર્તમાન ચૂંટણીમાં પરથીભાઈ ભટોળના વિરોધીઓ દ્વારા આક્ષેપો-પ્રતિઆક્ષેપો થતાં હતાં. જિલ્લાના કેટલાક મુઠ્ઠીભર અસંતુષ્ટ અને રાજકીય કિનાનાખોરો દ્વારા છેલ્લા ઘણાં સમયથી ચાલતા સુયોજીત ષડયંત્રથી બનાસડેરીના મતદારો અને દૂધ ઉત્પાદકો અત્યંત દુઃખી અને હતાશ હતા. વધુમાં આવા રાજકીય વ્યક્તિઓએ અંગ્રેજોને પણ સારા કહેવડાવે એવા કાવા-દાવા, ષડયંત્રો, નિર્દોષ કર્મચારીઓ અને સજ્જન વ્યક્તિઓ પર ખોટા પોલીસ કેસ અને ધરપકડો કરી જિલ્લામાં આતંક સર્જી દીધો છે.

બનાસકાંઠા જિલ્લાના સજ્જન મતદારો, દૂધ ઉત્પાદકો અને ભોળી પ્રજાને ગેરમાર્ગે દોરવા જિલ્લામાં અનેક જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે જેવા કે બનાસડેરીની ચૂંટણી છ મહીના સુધી નહી થવા દઈએ, ઠરાવો બદલીને મતદારો બદલાવી દઈશુ, પરથીભાઈ ભટોળનું ઉમેદવારી ફોર્મ ભરી જ નહી શકે, ઉમેદવારી ફોર્મ ભરશે તો રદ કરી નાખીશુ, પરથીભાઈ ભટોળને ચૂંટણી નહી લડવા દઈએ, પરથીભાઈ ભટોળ ચૂંટણી લડશે અને જીતશે તો ચેરમેન નહી બનવા દઈએ, ચૂંટણી સમયે પરથીભાઈ ભટોળના શુભેચ્છકો અને મતદારોને જેલમાં ધકેલી દઈશુ' વગેરે આવો દુષિત માહોલ તૈયાર કરનાર સ્વાર્થી, રાજકીય વ્યક્તિઓને બનાસડેરીની ચૂંટણી નામદાર ગુજરાત હાઈકોર્ટે જાહેર કરવાની ફરજ પાડતાં પ્રથમ લપડાક ખાધેલી અને મતદારોમાં પણ કોઈ જ ફેરફાર કરી શક્યા નહી અને વધુમાં બનાસડેરીના પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળનું અને તેમની પેનલના ઉમેદવારોના ઉમેદવારી ફોર્મ આજ રોજ ચૂંટણી અધિકારી દ્વારા માન્ય રાખી બીજી લપડાક પડેલ છે અને તેઓના જુઠ્ઠાણાઓનો પર્દાફાશ થતાં સત્ય પ્રજા સમક્ષ આવેલ છે.

હવે ધીરે ધીરે સત્ય વિજય તરફ આગળ વધી રહ્યું છે અને દૂધ ઉત્પાદકોના ભવિષ્ય સામે મંડળાયેલા કાળા ડિબાંગ ષડયંત્રરૂપી વાદળો હટવાની શરૂઆત થતાં તમામ મતદારો, દૂધ ઉત્પાદકો અને શુભેચ્છકોમાં રાહતની લાણી અનુભવાઈ ખુશીનો માહોલ સર્જાયો છે.

# અરવલ્લી જિલ્લા તાલુકા પંચાયત અને નગરપાલીકા ચૂંટણીમાં મતદાનની શરૂઆતના બે કલાકમાં ધીમુ મતદાન

મોડાસા, તા. ૩૦

નવરચિત અરવલ્લી જિલ્લા પંચાયત સહિત ૬ તાલુકા પંચાયતો અને મોડાસા નગરપાલીકાની ચૂંટણીમાં શાંતીપૂર્ણ માહોલમાં સવારે ૮ કલાકે મતદાનનો પ્રારંભ થયો હતો. મોડાસા નગરપાલિકાના મતદાન દરમ્યાન વોર્ડ નંબર-૪ના બુથ નંબર-૨માં આવેલ ઈવીએમ મશીન ખોટકાતાં મતદાન પ્રક્રિયા ૮ મિનિટ ખોરવાઈ હતી. જ્યારે માલપુરના ટુણાદર ગામે બોગસ મતદાનની ફરીયાદ થતાં મામલતદારે તપાસ હાથ ધરી હતી.

રવિવારની સવારથી જિલ્લા તાલુકા અને મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ધીમી પણ મક્કમ ગતિથી મતદાનનો પ્રારંભ થયો હતો. જિલ્લા કલેક્ટર એસ. છાકછુવાકે સુરક્ષાદળ સાથે અતિસંવેદનશીલ અને સંવેદનશીલ મતદાન કેન્દ્રોની મુલાકાત લીધી હતી. મોડાસા નગરપાલિકાના કુલ ૯ વોર્ડમાં મતદાનની શરૂઆત આ બે કલાક દરમ્યાન માત્ર ૧.૮૭ ટકા જ્યારે અરવલ્લી જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં સવારે ૮ થી ૧૦ દરમ્યાન ૧૪.૯૨ ટકા મતદાન નોંધાયું હતું.

મોડાસાના સ્વામીનારાયણ પ્રાથમિક શાળામાં આવેલ વોર્ડ નં. ૪ના મતદાન મથક નં. ૨માં મતદારનો મત પીળુ બટન દબાવ્યા પછી પણ રજીસ્ટર થતો ન હોવાની ફરીયાદ ઝોનલ અધિકારી ડૉ. સુધીર પટેલના ધ્યાને આવતા મતદાન બંધ કરાવી મશીનની દુરસ્તી હાથ ધરાયા બાદ ઈવીએમ મશીન પુનઃ ચાલુ કરાયું હતું. આમ મશીન ખોટકાતા ૮ મિનિટ મતદાન પ્રક્રિયા અટકાવાઈ હતી.

માલપુર તાલુકાના ટુણાદર ગામે બોગસ મતદાન થતું હોવાની ફરીયાદ ગોપાલસિંહ નામના વ્યક્તિએ ચૂંટણી અધિકારીને કરતાં જ તુરંત આ અંગેની તપાસ માલપુર મામલતદારને સોંપાઈ હતી. સવારે ૮ થી ૧૨ કલાક દરમ્યાન અરવલ્લી જિલ્લા તાલુકા પંચાયત ચૂંટણીમાં ૩૩.૪૦ ટકા જ્યારે મોડાસા નગરપાલીકા ચૂંટણીમાં ૩૦.૨૪ ટકા મતદાન નોંધાયું હતું. મતદાનના પ્રારંભ પૂર્વે હાથ ધરાયેલ મોકપોલ દરમ્યાન ૭ ઈવીએમ તંત્રને બદલવાની ફરજ પડી હતી.

# મહેસાણા જિલ્લામાં ક્યાં-કોની મતગણતરી

મહેસાણા, તા. ૩૦

મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની મતગણતરી ૨ ડિસેમ્બરના રોજ જિલ્લાના વિવિધ ૧૬ કેન્દ્રો પર થનાર છે. મતગણતરીના સુચારૂ સંચાલન માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રો પર કલમ ૧૪૪ લાગુ કરી છે. જેમાં મતગણતરીના સ્થળે મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો એ વ્યવસ્થા જાળવવા મતગણતરી સ્થળની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈ પણ વ્યક્તિ મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોડલેસ ફોન થતા વાયરલેસ સેટ, વોકીટોકી સાથે પ્રવેશી શકશે નહી. આ હૂકમ ફરજ પરના કર્મચારીઓ, અધિકારીઓ, સુરક્ષા વ્યવસ્થાનો સ્ટાફ, ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરેલ અધિકારીઓ તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટ અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અધિકૃત કરવામાં આવે તેને લાગુ પડશે નહી. હૂકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### મહેસાણા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીના મતગણતરી કેન્દ્રોની યાદી

| તાલુકાનું નામ | મતગણતરી સ્થળ |
|---|---|
| મહેસાણા | કમળબા હોલ, શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કેમ્પસ, મહેસાણા |
| ઊંઝા | એચ.પી. હાઈસ્કૂલ અને ટી.આઈ. પટેલ ઉચ્ચ માધ્ય. શાળા ઉનાવા |
| વિજાપુર | આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પિલવઈ |
| ખેરાલુ | શ્રી કેશુભાઈ વિદ્યાશંકુલ, આર્ટસ કોમર્સ કોલેજ ખેરાલુ |
| સતલાસણા | શ્રી કે.એમ. કોઠારી હાઈસ્કૂલ, આઈ.ટી.આઈ. હોલ સતલાસણા |
| વડનગર | શ્રી પોલીટેકનીક કોલેજ વડનગર |
| કડી | શ્રી એમ.પી. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કડી |
| જોટાણા | ડૉ. એન.પી. પટેલ પોલિટેકનીક જોટાણા |
| બેચરાજી | સરકારી આર્ટસ કોલેજ, બેચરાજી |
| વિસનગર | આદર્શ હાઈસ્કૂલ વિસનગર |

### નગરપાલિકા સામાન્ય-પેટા ચૂંટણી-૨૦૧૫ મતગણતરી

| | |
|---|---|
| મહેસાણા | અર્બન બેન્ક હાઈસ્કૂલ મોઢેરા ચાર રસ્તા મહેસાણા |
| વિસનગર | જી.ડી. હાઈસ્કૂલ વિસનગર |
| કડી | આદર્શ વિદ્યાલય દેત્રોજ કડી |
| ઊંઝા | બંસીધર પ્રા. શાળા વિદ્યાવિહાર વાડી પરા પાસે ઊંઝા |
| વિજાપુર | મીટીંગ હોલ મામલતદાર કચેરી |
| વડનગર | તાલુકા પંચાયત કચેરી વડનગર |

## ઉમિયાનગર નજીકથી ૩૮૪૦૦નો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૩૦

વિજયનગર તાલુકાના ઉમિયાનગર ત્રણ રસ્તા નજીકથી શનિવારે સાંજે રીક્ષામાંથી રૂ. ૩૮,૪૦૦નો વિદેશી દારૂના જથ્થા સાથે ડૈયા ગામના યુવકને વિજયનગર પોલીસે ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો.

આ અંગે પી.એસ.ઓ. કાન્તીભાઈ હોથાના જણાવ્યા અનુસાર વિજયનગર પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી. ઠાકોર શનિવારે સાંજે ટીમ સાથે આશ્રમ-આતરસુંબા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. દરમિયાન પરોસડા, ઈડર, વિજયનગરના ત્રિભેટે આવેલ ઉમિયાનગર પાસેથી પસાર થતી રીક્ષા નં. જીજે૯.એવી-૭૪૭૧ને અટકાવવાની કોશિષ કરતા ચાલકે રીક્ષા ઉભી ન રાખતા પી.એસ.આઈ. ઠાકોરે પીછો કરી રીક્ષા અટકાવી રીક્ષામાં તલાશી લેતા રીક્ષામાંથી પાસ પરમીટ વિનાની અંગ્રેજી દારૂની રૂ. ૩૮,૪૦૦ની કિંમતની મળી આવી હતી. જેથી પી.એસ.આઈ. ડૈયા, તા. ઝાડોલ, જિ. ઉદયપુર, રાજસ્થાનના ગિરીશકુમાર મોહનલાલ મેઘવાલની ધરપકડ કરી વિદેશી દારૂ તથા રીક્ષા મળી રૂ. ૮૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વિજયનગર પોલીસમથકમાં ફરિયાદ કરતા વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રાંતિજના યુવાને ઝેરી દવા ગટગટાવી લેતા મોત

પ્રાંતિજ, તા. ૩૦

પ્રાંતિજના નાની ભાગોળ વિસ્તારમાં યુવાને કોઈ કારણોસર પોતાના ઘરમાં જ ઝેરી દવા ગટગટાવી જતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવાનનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના નાની ભાગોળના ભુપેન્દ્ર પેટ્રોલપંપની પાછળ રહેતા દિનેશભાઈ રમેશભાઈ ભોઈ ઉં.વ. ૨૮ નામના યુવકે પોતાના જ ઘરમાં ગતરોજ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બેભાન હાલતમાં પડેલા યુવાન અંગે પરિવારજનોને જાણ થતા તુરંત પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાલત વધુ નાજુક જણાતા યુવાનને હિંમતનગર સિવિલમાં લઈ જવાયો હતો. આ દરમિયાન યુવાનનું મોત નિપજ્યું હતુ. આ આત્મહત્યા અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વડગામડામાં પાટીદાર જાગો અનામત માગો લખેલી ટોપી પહેરી યુવકોએ મતદાન કર્યુ

હિંમતનગર, તા. ૩૦

સ્થાનિક સ્વરાજ્યની રવિવારે યોજાયેલ ચૂંટણીમાં વડાલી તાલુકાના વડગામડા ગામના કેટલાક પાટીદાર યુવકોએ પાટીદાર જાગો, અનામત માગો લખેલી ટોપી પહેરી મતદાન કરવા આવતા પાટીદાર મતદારો ઘેલમાં આવી ગયા હતા.

રાજ્યભરમાં રવિવારે સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં પાટીદાર અનામત આંદોલને રાજ્ય સરકારની ઉંઘ હરામ કરી દીધી હોય તેવું લાગી રહ્યું છે.

રવિવારે યોજાયેલ જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં વડાલી તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલા વડગામડા ગામના કેટલાક પાટીદાર યુવકો ગાંધી ટોપી પહેરી મતદાન કરવા આવ્યા હતા. જે ટોપી પર પાટીદાર જાગો, અનામત માગો લખેલુ હોવાથી યુવકોને જોઈ પાટીદાર મતદારોમાં જોશ આવી ગયો હતો.